



શનેશ્વર જયંતિને લઇને આણંદ શહેરમાં આવેલા શનિદેવના મંદિરમાં સવારથી જ શ્રધ્ધાળુઓ દર્શને ઉમટ્યાં હતાં. ઉપરોક્ત પ્રથમ તસવીરમાં શનિદેવના અન્નકૂટ સાથે પૂર્વ સાંસદ દીપકભાઈ પટેલ, જનકભાઈ પૂનમભાઈ પટેલ, બીજી તસવીરમાં અપંગજનને સાઇકલ અર્પણ કરી રહ્યા છે. છેલ્લી તસવીરમાં શ્રીફળ હોમતા પૂર્વ સાંસદ દીપકભાઈ પટેલ, જનકભાઈ પટેલ, રશ્મિકાંત પટેલ, હેમાબેન પટેલ તથા ભક્તજનો. (તસવીર : રાજેશ સુથાર, ચિખોદરા)

# ઉમરેઠના નારાયણ જ્વેલર્સ સામે ૨૫ ફરીયાદો, રૂા.૧.૪૨ કરોડની છેતરપીંડી આજે નોંધાઈ

**આરોપીઓને ઝડપી પાડવા પોલીસ એકશનમાં : ૧૨ ટકાના વ્યાજની લાલચ : નોટબંધી બાદ ૭૪ કરોડની થાપણો વધી : આરોપીઓ ભૂગર્ભમાં હશે તો પણ ઝડપીશું : પીઆઈ જયદિપસિંહ વનાર : ઉમરેઠ અર્બન બેંકે રૂા.૫૦ લાખની રીકવરી માટે ત્રણ મકાનને સીલ માર્યાં**




આણંદ, તા. ૧૫

ઉમરેઠના નારાયણ જ્વેલર્સની નાદારીની જાહેરાતના કારણે આજે ઉમરેઠ પોલીસ મથકમાં ૨૫ જેટલી ફરીયાદો વિવિધ થાપણદારો દ્વારા નોંધાઈ હતી. જેની કુલ રકમ ૧.૪૨ કરોડ થવા પામે છે. પોલીસ આરોપીઓને ઝડપી પાડવા એકશન પ્લાન બનાવી રહી છે.

આણંદ જિલ્લામાં છાશવારે જાહેર થતાં કરોડોના કૌભાંડોને પણ શરમાવે તેવું ઉમરેઠના નારાયણ જ્વેલર્સના ફૂલકાએ ઉમરેઠના અર્થતંત્રની કમર તોડી નાખી છે. અનેકની પરસેવાની કમાણી તથા ઉપલગ રૂપિયા અને બે નંબરના વહીવટની આવક રાતોરાત પેઢીના ઉઠમણાથી ડૂબી ગઈ છે. આજે વિશ્વાસપાત્ર ગણાતી પેઢીના સંચાલકોને આખું ઉમરેઠ ગાળો ભાંડીને નિસાસા નાખી રહ્યું છે.

ગઈ કાલે નોંધાયેલી ત્રણ પોલીસ ફરીયાદ બાદ હવે થાપણદારોમાં હિંમત આવી છે. જેના કારણે ઉમરેઠ પોલીસ થમકે અલગ અલગ કુલ ૨૫ વ્યકિતઓએ ફરીયાદો નોંધાવી છે. જેની રકમ ૧.૪૨ કરોડની થવા પામી છે અને હજુ પણ વધુ ફરીયાદો નોંધાય તેવી શક્યતાઓ જોવા મળી રહી છે.

ઉમરેઠની અર્બન બેંકના બોર્ડ ઓફ ડીરેકટરોની બેઠક યોજાઈ હતી જેમાં બેંકના ૫૦ લાખના ધીરાણને પરત લાવવા માટે નારાયણ જ્વેલર્સના તારણમાં મુકેલા ત્રણ મકાનોને સીલ મારવાનો નિર્ણય લેવાતાં બેંકે સીલ મારી દીધું હતું અને જાહેર નોટીસ ચીપકાવી દીધી હતી.

ઉમરેઠ પોલીસ મથકના પીએસઆઈ જયદિપસિંહ વનારના જણાવ્યા મુજબ હજુ ફરીયાદોની સંખ્યા વધી રહી છે. પોલીસે આરોપીઓને ઝડપી પાડવા તમામ દિશાથી કામગીરી શરૂ કરી છે તથા થાપણદારોને ન્યાય મળે તે માટે પોલીસ તમામ સહકાર આપવા કટીબધ્ધ છે.

ઉમરેઠ શહેરમાં ચાલતી ચર્ચાઓ મુજબ આખું કોકડું ૨૦૦ કરોડની રકમને આંબી જાય તેમ છે.

૦-૦-૦

# દેશભરના એરપોર્ટ પર નારાયણ જવેલર્સના પાસપોર્ટ એલર્ટ લિસ્ટમાં, ભાગે નહીં તેની તકેદારી

આણંદ, તા. ૧૫

ઉમરેઠમાં કરોડો રૂા.નું ઊઠમણું કરનાર નારાયણ જ્વેલર્સ પેઢીના સંચાલકો વિદેશ ભાગી જાય તેવી રજૂઆતોને આધારે દેશના તમામ આંતરરાષ્ટ્રિય એરપોર્ટ ઉપર સંચાલકોના પાસપોર્ટ બ્લેક લીસ્ટ કરી દેવાયા છે.

ઉમરેઠ શહેરમાં ૪૦ વર્ષથી સોના - ચાંદીનો ધંધો કરતા નારાયણ જ્વેલર્સના સંચાલકોએ ધીમે ધીમે ફાઈનાન્સનું કામ શરૂ કર્યુ હતું. અને વર્ષો જુનો વિશ્વાસ જીતીને થાપણો ઉઘરાવવાની પ્રવૃત્તિની સાથે આકર્ષક વ્યાજ આપવાની વિવિધ યોજનાઓ શરૂ કરી હતી અને આખરે ૧૩૨ કરોડ રૂા.નું ઉઠમણું કરીને કોર્ટમાં નાદારી માટે અરજી દાખલ કરી હતી. ઉમરેઠ સહિત જિલ્લાભરના થાપણદારોની કરોડોની રકમ સલવાઈ છે. અને નારાયણ જ્વેલર્સના સંચાલકો કરોડોનું કરી નાખીને વિદેશ ભાગી જશે તેવી થાપણદારોને બીક હતી. જેથી ઉમરેઠ પોલીસ મથકે લેખીત રજૂઆતો કરાઇ હતી અને ત્રણેયના પાસપોર્ટ જમ કરવા માટે કાર્યવાહી કરવાની નોંધ કરાઇ હતી. પોલીસ દ્વારા હાલ અર્પિત દિપકકુમાર ગાભાવાલા, દિપકુમાર ગોવિંદભાઇ ગાભાવાલાના પાસપોર્ટ નંબર મળી આવ્યા છે અને બંનેના પાસપોર્ટ નંબરના આધારે દેશભરના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ઉપર સૂચનાઓ આપવામાં આવી છે. જ્યારે ત્રીજો આરોપી ગુંજન ગાભાવાલાના પાસપોર્ટની વિગતોની ચકાસણી થઇ રહી છે. તમામ એરપોર્ટમાં આરોપીઓના ફોટા અને પાસપોર્ટની માહિતી મોકલવામાં આવી છે. જેથી આરોપીઓ દેશ છોડીને ભાગી શકે નહિ તેવું પોલીસ સૂત્રો તરફથી જાણવા મળ્યું હતું.


**અરજન્ટ સ્ટાફ જોઈએ છે**

ઈન્કમટેક્ષ જી.એસ.ટી./ટેલી પ્રેક્ટીશ કરતી પ્રતિષ્ઠિત પેઢીને નીચે મુજબના સ્ટાફની જરૂર છે.

➡ ઓફીસ આસીસ્ટન્ટ

➡ કોમ્પ્યુટર ઓપરેટર

યોગ્ય લાયકાત ધરાવનાર ફક્ત સ્ત્રી ઉમેદવારે અરજી/E-mail નીચેના સરનામે મોકલવા.

**સુનિલ પટેલ એન્ડ કાં.**

૩જા માળે, જી.કે. લોટસ, પંચાલ હોલ સામે, વિદ્યાનગર રોડ, આણંદ.
M. 98795 12150 • E-mail : sgp565@gmail.com


**જાહેર ચેતવણી**



બાજુના ફોટાવાળા ભાઈ શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ પટેલ, રહે.બેડવા તા.જી.આણંદ જે અમારી દુકાન હાઈલાઈટ ઈલેક્ટ્રીકલ્સમાંથી તા.૧/૧/૨૦૧૮ના રોજથી છુટા કરેલ છે. આથી જાહેર જનતા, મિત્રો તેમજ વેપારી બંધુઓને જણાવવાનું કે તેમની સાથે કોઈપણ પ્રકારનો ધંધાકીય તેમજ નાણાંકીય વ્યવહાર કરવો નહિ. જો કોઈ અમારા કહ્યા સિવાય તેમની સાથે વ્યવહાર કરશે તો અમારી કોઈપણ જવાબદારી રહેશે નહિ.

લિ.
**હાઈલાઈટ ઈલેક્ટ્રીકલ્સ**
હરિજશ બિલ્ડીંગ, જે.પી. રોડ, આણંદ
ફોન નં. : ૦૨૬૯૨-૨૫૪૧૪૫

# નડીઆદ મેનેજર હત્યા મામલો : કાર લૂંટવાના ઈરાદે હત્યા થઇ હોવાની પ્રબળ આશંકા

(બ્યુરો) નડીઆદ, તા. ૧૫

નડીઆદ નજીક એકસપ્રેસ હાઈવે પર વડોદરાના એક ટાઈલ્સ કંપનીના મેનેજરની કારમાં ગોળી મારી તેમજ ચપ્પાના ઘા મારી હત્યા કર્યાના બનાવમાં પોલીસે ત્રણ નામચીન શખ્સોને જબ્બે કરી તેઓએ ભાડાના મામુલી એવા રૂા. ૩૦૦ માટે મેનેજરની હત્યા કરી નાંખી હોવાની પોલીસે રજૂ કરેલ મર્ડર મીસ્ટ્રી થીયરી લોકોના ગળે ઉતરતી નથી.

આ વચ્ચે મેનેજરની હત્યા કાર સહિતની ચીજવસ્તુઓ માટે કરાઇ હોવાની લોકોમાં પ્રબળ આશંકા ઉભી થઇ છે. અને આ માટે પુરતા કારણ હોવાનું પણ લોકોમાં ચર્ચાઇ રહયું છે.

નડીઆદ નજીકના એકસપ્રેસ હાઈવે પરના સલુણ ઓવરબ્રીજ નીચેથી વડોદરામાં રહેતા અને અમદાવાદની એ.જી.એસ. ટાઈલ્સ કંપનીમાં આસી. મેનેજર તરીકે ઉચ્ચ પગારથી નોકરી કરતા સંજયની પોતાની નવી નકકોર હોન્ડા સીટી કારમાં ગોળી મારી તેમજ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરાયેલ મૃતદેહ મળી આવ્યો હતો.

બાદ આ ઘટના થોડા જ સમય પછી નડીઆદના કિશન સમોસાના ખાંચામાંથી બે પોલીસ જવાનોએ જાનની બાજી લગાવી ખુંખાર અપરાધી દિનેશ ઉર્ફે છોટુ યાદવને દેશી બનાવટની પિસ્તોલ સાથે ઝડપી પાડયો હતો.

દરમિયાન પોલીસે આ બંને બનાવ એક-બીજાના પુરક હોવાના અનુમાનના આધારે તપાસ હાથ ધરી હતી. તે દરમિયાન પિસ્તોલ સાથે ઝડપાયેલ દિનેશ ઉર્ફે છોટુ યાદવે પોતાના બે સાગરીતો જલ્પેશ ઉર્ફે જયો અને કલ્પેશ ઉર્ફે કયોએ મળી કાર ભાડાના મામુલી એવા રૂા. ૩૦૦ માટે મેનેજરની હત્યા કરી હોવાની પોલીસે ગતરોજ મેનેજરની મર્ડર મિસ્ટ્રી થીયરી રજૂ કરી ત્રણેય આરોપીની પોલીસે અટકાયત કરી હતી.

જો કે પોલીસે રજૂ કરેલ મેનેજરની મર્ડર મિસ્ટ્રી થીયરી

(અનુસંધાન પાન ૨ ઉપર)

## વિરપુરના લીંબરવાડાના પ્રેમી યુગલે ઝેરી દવા પીતાં સારવાર હેઠળ

(બ્યુરો) નડીયાદ,તા.૧૫

વિરપુર તાલુકાના લીંબરવાડા ગામના પ્રેમી યુગલ એવા એક યુવક અને યુવતી ગામની સીમમાં આજે ઝેરી દવા ગટગટાવી લેતાં બન્નેને સારવાર અર્થે વિરપુરના સરકારી દવાખાનામાં ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર વિરપુરના લીંબરવાડા ગામના દશરથ બાલુભાઈ પરમાર અને પાયલ જવાનભાઈ પરમાર વચ્ચે બાળપણથી પ્રેમની પ્રિત બંધાઈ હતી. બન્ને જુવાન થતાં પ્રેમી પંખીડાએ સાથ જીયેંગે સાથ મરેંગેના એકબીજાને કોલ આપ્યા હતા.

દરમ્યાન સમાજ પોતાને સાથે જીવવા નહીં દે તેમ લાગતાં દશરથ અને પાયલે આજે ગામના સીમમાં જઈ સાથ મરેંગેનો કોલ પુરો કરવા માટે કોઈ ઝેરી દવા ગટગટાવી લીધી હતી.

જેની નજીકમાં ઉપસ્થિત ગ્રામજનોને જાણ થતાં તેઓએ બન્નેને સારવાર અર્થે વિરપુરના સરકારી દવાખાનામાં ખસેડ્યા હતા. વિરપુર પોલીસે જાણવા જોગની નોંધ કરી તપાસ હાથ ધરી છે.

## આવતી કાલે બેસણું



ગામ નાવલી થી (હાલ વિદ્યાનગર) કાન્તીભાઈ મણીભાઈ પટેલના જય શ્રી સ્વામીનારાયણ. સખેદ જણાવવાનું કે અમારા નાના ભાઈ

**શ્રી કીરીટભાઈ મણીભાઈ પટેલનું**

**તા.૧૨/૫/૨૦૧૮ને શનિવાર**ના રોજ દેવલોક પામ્યા છે.

પ્રભુ તેમના આત્માને શાન્તી અર્પે એજ પ્રાર્થના.

**સદ્‌ગતનું બેસણું તા.૧૭/૫/૨૦૧૮ને ગુરુવારના રોજ**
**સમય : સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાકે**
**સ્થળ : પ્રગતી મંડળ હોલ, પહેલા માળે, ડીમાર્ટની સામે, વિદ્યાનગર**

લિ.

વિલાસભાઈ મણીભાઈ પટેલ
નિલેશભાઈ મધુસુદનભાઈ દેસાઈ
વિપુલભાઈ મધુસુદનભાઈ દેસાઈ
હર્ષદભાઈ ગોરધનભાઈ પટેલ
જીતુભાઈ રાવજીભાઈ પટેલ

અશોકકુમાર હસમુખભાઈ પટેલ (જમાઈ)
રૂપેશકુમાર કનુભાઈ પટેલ (જમાઈ)
રાકેશકુમાર ગીજુભાઈ પટેલ (જમાઈ)

પ્રજ્ઞાબેન અશોકકુમાર પટેલ (દીકરી)
ઝમકબેન રૂપેશકુમાર પટેલ (દીકરી)
તેજલબેન રાકેશકુમાર પટેલ (દીકરી)

**પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સમયે અને સ્થળે રાખેલ છે.**

મહેન્દ્રભાઈ મગનભાઈ પટેલ (ઝારોલા)
શુંભભાઈ મગનભાઈ પટેલ (ઝારોલા)

## શતમ જીવમ શરદ

તા.૧૬/૫/૧૯૪૭



**આપીએ અભિનંદન સમાજ સેવકશ્રીને**

આજે તારીખ સોળ ને તેમાંય મે નો છે માસ,
પીડાહારી જરૂરતમંદોના તો આપ ખાસ.
એકજ તમન્ના બનતી સૌની સેવા કરવી,
અપાર દિલથી સૌની સારી મુશ્કેલી હરવી.
ભિંજાઈ જવું પરસેવે કરીને પર સેવા,
નંદ મિત્રોને થાય આવે અભિનંદન દેવા.
દર્શન થાય પર સેવાના જે અમે છે જોયા,
નયને નિતરતા હર્ષોલ્લાસના આંસુ લોયા.
સમાજની સેવાકીય સંસ્થામાં સભ્ય છો આપ,
માગણી પહેલા જ બનતી આપો સેવા આપ.
જન્નત-નશીનની એ આપે કરી આપી સેવા,
સેવા આ એકજ જગ્યાએથી જવાનું લેવા.
વખતોથી પૂજ્ય દિપ વડીલ વંદના કરો,
કર કમલોથી આપ બંને સેવા ભાથુ ભરો.
શ્રીમાનને શ્રીમતે સેવાના કાર્યો કરો સાથે,
નેક દિલની પ્રાર્થના હરી હસ્ત રહે માથે.

એજ આપના શુભચિંતકો
દીપકભાઈ સી. પટેલ (પૂર્વ સાંસદ) (સાથી)
ઈન્દ્રજીતભાઈ વી. પટેલ (પીટીસી)
સૂર્યકાંતભાઈ સી. પટેલ (નાઈસ સ્ટીલ)
વસંતભાઈ એચ. પટેલ (પત્રકાર)
ભૂપેન્દ્રભાઈ શાહ (લાયન્સ હોલ)
દુર્ગેશ-ફોટોગ્રાફર (આણંદ)

**પટેલ દિનેશભાઈ ચીમનલાલ**